# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૫/ક્વા-૦૨/૨૦૨૦-૨૧/૯૩ તા.૦૬.૦૩.૨૦૨૧

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૪૫/ક્વા-૦૨/૨૦૨૦-૨૧**

અરજદાર: શ્રી ઓડેદરા લખુભાઈ ભગાભાઈ ગામ – સાજડીયારી

સબડીવીઝન: ભાણવડ

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી ખંભાળીયા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દેવભૂમિ દ્વારકા

તારીખ: મંગળવાર (૦૯.૦૨.૨૦૨૧)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૦૯.૦૨.૨૦૨૧ (મંગળવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, એમોએ સાજડીયારી ગ્રામ પંચાયતની હદમાં બીનખેતી સર્વે નં ૧૧૫ માં ઔધ્યોગીક હેતુનું ૧૩.૪૩ કે.ડબલ્યુનું વિજજોડાણ મેળવવા નાયબ ઇજનેરશ્રી પી.જી.વી.સી.એલ. ભાણવડ કચેરીમાં રૂ. ૧,૯૦,૩૭૭-૦૦ નું અંદાજપત્રક ભરપાઈ કરેલ છે. જેમાં રૂ.૧,૭૮,૨૯૬-૦૦ અમારી પાસેથી સર્વિસ કનેક્શન ચાર્જ પેટે વસુલ કરવામાં આવેલ છે.

એમોએ બીનખેતી થયેલ સર્વે નંબરમાં વિજજોડાણ માંગેલ હોય અમારી પાસેથી સર્વિસ કનેક્શન ચાર્જીસ ફિક્ષ ભાવ આધારિત વસુલ કરવાના હોય જે અમારા કેસમાં રૂ.૨૧,૦૦૦/- જી.ઈ.આર.સી.દ્વારા પત્ર નં.G E R C /T E C H /2014/1378 તા.૨૪/૬/૨૦૧૪ મુજબ વસુલવાના થાય છે. ગુજરાત સરકારશ્રીના ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક જીયુવી-૨૦૧૬-૩૮૮૫-ક૧ તા.૨૪/૧/૨૦૧૭ માં પરિપત્રનું ખોટું અર્થઘટન કરી તમામ માળખાકીય સુવિધા ઊભી કરવાનો ખર્ચ અમારી પાસેથી વસુલ કરે છે.સદર પરિપત્રની જોગવાઇઓ અમોને લાગુ પડતી ન હોય અમારી પાસેથી વધુ વસુલ કરેલ સર્વિસ કનેક્શન ચાર્જના તફાવતની અમોને પરત આપવા યોગ્ય હુકમ કરવા વિનંતી. અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર શ્રી ઓડેદરા લખુભાઇ ભગાભાઈ, રહે.સાજડીયારી તા.ભાણવડ દ્વારા ખેતીવાડી સર્વે નમ્બર ૧૧૫ ની ચો.મી. ૧૩૮૦ ઔધોગીક હેતુ માટે બિનખેતી કરાવીને આ સદર જમીનમા ઔધોગીક હેતુ માટેનુ ૧૮ હો.પા.નુ થ્રી ફેઇઝ વિજ જોડાણ માગેલ છે. અરજદાર દ્વારા નોંધણી ચાર્જ રુપીયા ૪૦૦+૭૨=૪૭૨/- રસિદ નં.પ૨૭૫૫૩/૫૪/૫૫ તા.૧૧/૧૦/૨૦૧૯થી ભરપાઈ કરેલ છે.

૩.૨ તે અનુસંધાને સદર ઔધોગીક કનેક્શન માટેની અરજી ગામતળ બહાર વિજ જોડણ આપવાનુ થતુ હોય કેસ ફાઇલ જરૂરી સર્વે કરી દરખાસ્ત બનાવી પત્ર નંબર જેકેડી/ટેક/૪૭૨૦ તારીખ ૨૬ .૧૧.૨૦૧૯ થી વર્તુળ કચેરી ને પ્રી-ઓડિટ માટે રજૂ કરતાં.સદર કેસની ADMINISTRATIVE APPROVAL સર્કલ ઓફીસ દ્વારા નં.JCO/T-2/ND/19-20/11293 તા.07/12/2019 થી મળેલ છે.

3.3 સદર મંજુરી અન્વયે SR NO.12551618 મુજબ e-urja work flow launch કરેલ જેની ટેકનીકલ સેક્શન નં.12551618:91813407-4491819 તા.19/12/2019થી આવેલ છે. ઉપરોક્ત મંજુરી મુજબ અને ટેકનીકલ સેક્શન મુજબ તથા હાલના પત્ર નં.-જીયુએનેલ/ટેક-૨/આર એન આર/૨૭૧૯ તા. ૩૦.૦૧.૨૦૧૭ મુજબ સદર જોડાણ માટે થતો માળખાકીય ખર્ચ અરજદાર પાસેથી વસુલવાનો થતો હોઇ, તે મુજબ અરજદારને અંદાજપત્ર રૂ.190377/-નુ પાઠવવામાં આવેલ જે અરજદાર દ્વારા રસીદ નબર 607446 થી 607451 તા.03.01.2020 ના રોજ ભરપાઇ કરવામાં આવેલ છે અને સદર વીજ જોડાણ તારીખ 03.02.2020 ના રોજ રિલિજ કરવામાં આવેલ છે જેના ગ્રાહક નંબર 32824.00872.5 છે. ઉપરોક્ત વીજ જોડાણ વર્તુળ કચેરી ની મંજૂરી મુજબ પાઠવેલ છે અને તે મુજબ અંદાજ પત્રક ના નાણાં વસૂલી વીજ જોડાણ રિલિજ કરવામાં આવેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે ઉપરોક્ત મુદ્દા ૩.૨ અને ૩.૩ મુજબ વર્તુળ કચેરી ના પત્ર નં. JCO/T-2/ND/19-20/11293 તા.07/12/2019 અનુંસંધાને કાર્યવાહી કરવા માટે હુકમ કરવા માં આવે છે.

૪.૨ આ મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.૩ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯